THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદ્દષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-4 September - 2019 No. 31

## અનુક્રમણિકા


1. જીવન-ઉત્સવનું રહસ્ય ............................શ્રી હર્ષવદન શેઠ 3
2. ગિરિ-તળેટીથી .......................................શ્રી નરેશ એ. ત્રિવેદી 5
3. ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ .................શ્રી ધવલ શેઠ 7
4. જીવનમાં નીતિ અને ધર્મ શું છે ? ................શ્રી કાંતિલાલ પટેલ 10
5. કાર્યશિબિર અહેવાલ ...............................શ્રી ગિરીશ 'નીલગિરિ' 12
6. અહિંસાનો માર્ગ......................................શ્રી પ્રો. એચ. જી. છીંકણીવાળા 13
7. મનની ભીતરમાં .....................................શ્રી રમેશ ડોલીઆ 15
8. ૧૪૪ મું આંતરરાષ્ટ્રીય કન્વેન્શન વારાણસી મુકામે 17
9. શ્રી ગુરુચરણે "કાવ્યાનુવાદ" ......................શ્રી કનુપ્રસાદ પાઠક 'કમલ' 18
10. શાખા સમાચાર ...................................... 19
11. ઈશ્વર : પ્રકૃતિ સ્વરૂપે ...............................શ્રી મનુભાઈ એસ. પટેલ 'મનન' 20


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Pulished & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી અધિકૃત જાહેરાતો માટે ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. — તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.
(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.
(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, ''હોમી હાઉસ'' ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર ફેડરેશન મંત્રીને અમદાવાદ લખવો.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી**
ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**
મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી**
સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**
ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.
☛ બુક સ્ટોલ મેનેજર ☚
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસાફીસ્ટ | રૂ.૩૦/- |
| 'થિયોસોફિક જ્યોતિ' વાર્ષિક લવાજમ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

**શ્રી દર્શનભાઈ સી. મોદી**
એ/૨, મમતા કોમ્પ્લેક્ષ, ન્યુ મૃદુલ પાર્ક—૧,
સોલા રોડ, અમદાવાદ — ૩૮૦ ૦૬૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
**શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા**
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન | રૂ.૧૦૦૦/- |
| પરદેશમાં હવાઈ માર્ગે | રૂ.૧૦૦૦/- |
| પરદેશમાં હવાઈ માર્ગે આજીવન | રૂ.૫૦૦૦/- |

(આજીવન મર્યાદા ૧૦ વર્ષની રહેશે.)

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધના માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી નીચેના સરનામે મોકલવા તેમજ જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**
'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. — ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk
**જ્યોતિ** અંગેના પત્રવ્યવહાર માટે પણ ઉપરના સરનામે પત્રવ્યવહાર કરવો.

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

## જીવન-ઉત્સવનું રહસ્ય
સંપાદકીય

*પ્રસ્તુતિ*
**શ્રી હર્ષવદન શેઠ**

"ઉત્સવ એ આનંદ અને ઉલ્લાસનું પ્રતિક છે. એ પ્રસંગનું વાતાવરણ જ એવું હોય છે કે દરેક પોતાપણાને ભૂલી જાય છે. દરેક પોતાને સુખી કરવાને બદલે બીજાને સુખી કરવા સ્વાભાવિકપણે આતુર બને છે. પ્રસંગને સુશોભિત કરવાના હર્ષમાં વ્યક્તિ પરિશ્રમ, થાક એ બધુ ભૂલી જાય છે. જીવનનો આનંદ એ સર્વને ભૂલાવી દે છે. વળી એવે સમયે વ્યક્તિને બીજાના પ્રોત્સાહનની જરૂર પણ રહેતી નથી.

આમ ઉત્સવ એ નવી શક્તિ, નવો ગુણ, નવો આનંદ લાવે છે. ઉત્સવ પ્રસંગે આળસુ ઉદ્યમી, શિથિલ ઉત્સાહી, સંકુચિત મનનો ઉદાર ને કલ્પનામાં રાચનાર કાર્યવાહી બની જાય છે. વળી એનું એજ ઘર, એની એજ પરિચિત વ્યક્તિઓ, એના એજ વસ્ત્રો ને આભૂષણો એ સૌ ઉત્સવમાં નવો જ સ્વાંગ ધરે છે. ઉત્સવમાં આપણે ભૂતકાળને ભૂલી જઈ, જીવનનાં દુઃખ અને દર્દ, એકધારાપણાને યંત્રવત્ જીવનને ભૂલ જઈ, વર્તમાનનાં નવીન વિચાર, નવીન અનુભવ, નવો પ્રેમ, નવી દિવ્યતા અને નવી પ્રેરણા મેળવી જીવનમાં નવું સર્જન કરીએ છીએ. કન્વેન્શનો, સંમેલનો, પરિષદો કે અન્ય ઉત્સવોમાં નવીન ચમક, નવીન તાજગી મળે છે તેનું કારણ આ જ છે.

આધ્યાત્મિક ઉત્સવોમાં જીવન પ્રભુમય બની જાય છે. કારણ કે એવે પ્રસંગે સાત્વિક તત્વો પોતાની ધારી અસર સરજી શકે છે. સમૂહ ઉત્સવ પ્રસંગે આપણને ચલાવી લેતાં પણ આવડે છે. એ આવડત આવા પ્રસંગે વધારે ખીલે છે."

ઉપરોક્ત વિવરણ-છણાવટ ઓગષ્ટ ૧૯૫૮ માં ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન દ્વારા વડોદરાથી પ્રકાશિત થયેલી 'જીવન ઉત્સવનું રહસ્ય' નામની સ્વ. ચંપકભાઈ મહેતા દ્વારા લિખિત ૫૫ પાનાની પુસ્તિકામાંથી ઉધ્ધૃત કરી છે. તે વખતે તેની કિંમત ૨૫ પૈસા હતી. મારા પિતાશ્રી સ્વ. મોહનલાલ શેઠે તેના પ્રથમ પાને સહી કરીને તા. ૯.૧૨.૬૧ લખી છે. આ પુસ્તિકા આપણા દરેક સભ્યે, જો પ્રાપ્ત થાય તો વાંચી જવા જેવી છે.

ગુજરાતમાં, અન્ય પ્રદેશોમાં અને પૂર્વ આફ્રિકામાં અનેકને માટે પ્રેરણારૂપ તથા ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના કાર્યમાં પ્રાણસમા પૂજ્ય સ્વ. શ્રી હરજીવનદાસ મહેતાએ પોણી શતાબ્દી ૧૯૫૭ માં પૂરી કરેલી એ પ્રસંગને સુહૃદ-સંબંધીઓના મેળાએ તા. ૧૫-૧૬-૧૭ મે, ૧૯૫૮ ના દિવસોમાં તેમના જન્મસ્થાન કોંજલીમાં ઉજવેલો. જીવનના આવા ઉત્સવનું રહસ્ય સમજતાં શ્રી ચંપકભાઈ મહેતાએ આ પ્રસંગને પોતાની કલમે ઝડપી લીધેલો. આ પ્રસંગે જે હાજર ન રહી શક્યા તે સૌને આ પુસ્તિકા 'જીવન-ઉત્સવનું રહસ્ય' સમજવામાં ઉપયોગી નીવડે તેવી આશા સાથે પ્રગટ કરવામાં આવેલી.

સંપાદકીય લેખ દ્વારા આ પુસ્તિકાને ઉજાગર કરવાનો સ્પષ્ટ આશય છે "આજે કુટુંબો ભાંગવા મંડ્યા છે. સંકુચિત વિભક્તભાવ વધવા માંડ્યો છે, વ્યક્તિવાદ વધુ દૃઢ થતો જાય છે. આ જડતાને ટાળી ચૈતન્યમય અવિભક્તભાવ ને આત્મીયતા વધારવા માટે આવા કુટુંબ મેળાની ખાસ જરૂર છે. એમ કરવાથી અહમ્ભાવ સર્વાત્મભાવ તરફ ઢળે છે. (પાના નં. ૨૬)

'નાનકડા કુટુંબે યોજેલા આ મેળાવડામાં હરજીવનભાઈનાં વિસ્તૃત કુટુંબીજનોએ ભાગ લીધો હતો. સ્વજનો, સ્નેહીઓ, થિયોસોફિકલ સોસાયટીનાં સભાસદો, કોંજલી અને આસપાસના અનેક ગ્રામજનોને ઈતર પરિચિત વ્યક્તિઓને શ્રી હરજીવનભાઈ પોતાનાં કુટુંબ સમાન માનતાં. આ પ્રસંગે કૌટુંબિક પ્રેમ અને આત્મીયતાનો લહાવો આવનાર સૌને મળ્યો હતો. પ્રથમ

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાએ અમેરિકાની યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કર્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

દિવસે જમવાની પંગતો બાર વાગ્યે શરૂ થઈ હતી ને સાંજના પાંચ વાગ્યા સુધી ચાલી હતી.' (પાના ૨૬)

'આ પ્રસંગનું પ્રમુખસ્થાન એમને અનેક ચિંતામાંથી મુક્ત કરનાર એમના મિત્ર, પ્રેરક ને પંથપૂરક શ્રી રતિભાઈ પારેખે સ્વીકાર્યું હતું. એમનાં સહાયક હતાં શ્રી નર્મદાબહેન પારેખ અને સ્વાગત પ્રમુખ હતાં શ્રી ચંપકભાઈ મહેતા. ભારત સમાજ પૂજા, સર્વ ધર્મની પ્રાર્થના, પ્રવચનો, યજ્ઞોપવિતવિધિ, મનોરંજક કાર્યક્રમો, હરિકથા, દાંડિયારાસ, ગરબા, કુદરતમાં સહ પર્યટન વગેરે વિવિધ કાર્યક્રમો ત્રણ દિવસ દરમિયાન યોજાયા હતા. દેહવિકાસ અને માનવવિકાસ અંગે એક પ્રદર્શન સૌ. નર્મદાબહેન પારેખના હાથે ખુલ્લું મૂકાયું હતું. એમાં શ્રી હરજીવનભાઈના ૨૧ વર્ષની વયથી આજ સુધીનાં (૧૯૫૮) જીવન પ્રસંગોને ગૂંથી લેવામાં આવ્યાં હતાં.' (પાના ૨૬)

થિયોસોફી, બ્રહ્મજ્ઞાન, આત્મવિદ્યા અનંત છે. જીવન અનંત છે. એ અનંત તત્વને સળંગ સ્પર્શી જાગૃત બની અન્યને જાગૃત કરનાર માનવી જે સેવા અને સ્વાર્પણ કરે છે એ દ્વારા એ લોકહૃદયને જીતે છે.

૬૧ વર્ષ પૂર્વેની ઘટના આજે પણ એટલી જ તાજગીભરી અને પ્રેરણાદાયી લાગે છે. એ સમય ફેડરેશનનો સુવર્ણમય યુગ ગણી શકાય. ગુજરાત-સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ તથા મુંબઈની બધી જ લોજોના પ્રમુખો અને મંત્રીશ્રીઓએ પોતાનાં સંદેશાઓ વહેવડાવેલાં. અમદાવાદ લોજના મંત્રી શ્રી મહેન્દ્ર ભટ્ટ, વડોદરાથી રેવા લોજના મંત્રી શ્રી અરવિંદ દેસાઈ, સુરતની સનાતન લોજ તરફથી શ્રી સત્વસુખ હોરા, શ્રી નૌતમ લોજ, અવિધાથી શ્રી મુલચંદ શાહ, શ્રી જીનરાજદાસ લોજ, મહેસાણાથી શ્રી શંકર સોઝા, વાઘોડિયા લોજ તરફથી શ્રી કંચનલાલ પરીખ, મુંબઈથી શ્રી મોહનભાઈ વેલજી, ડૉ. શ્રી હરસુખભાઈ હોરા તથા શ્રી સોમપુરા પૂનાથી શ્રી કરસનદાસ ચિતલિયા, ભાવનગરથી શ્રી જયાબહેન દાણી, અમદાવાદથી શ્રી શિવલાલ મોદી, મુંબઈ-શાંતાક્રુઝથી શ્રી પ્રદ્યુમન કાજી, સુરતથી શ્રી અતિસુખલાલ શેઠ, રાજકોટથી શ્રી અનંતપ્રસાદ બક્ષી, હડાલાથી બા સાહેબા જસુબા, શ્રી છોટાલાલ સુતરીઆ, ગોંડલથી રામલાલ મહેતા, શ્રી હર્ષદરાય વૈષ્ણવ, નવસારી લોજના સભ્યો. ટોરોરો-યુગાન્ડા-આફ્રિકાથી શ્રી હરિભાઈ પંડ્યા, કલકત્તાથી શ્રી મણિલાલ વનમાળી, અમદાવાદથી શ્રી ઈન્દુબેન મહેતા અને શ્રી ભૂપતરાય મહેતા ! સૌએ પોતાની વિશિષ્ટ સ્મૃતિઓ-યાદગીરીઓને યાદ કરીને શ્રી હરજીવનભાઈના કાર્યની સુવાસમાં ધન્યતા અનુભવેલી !

આપણા સભ્યોનાં વાંચન વિશેષમાં ગુજરાત થિયો. ફેડરેશન દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી આવી નાની પુસ્તિકાઓનું સ્થાન સુદૃઢ બને ! લોજના પ્રવચનોના વિષયમાં આગંતુક સભ્યોની જીજ્ઞાસા સંતોષવામાં આ પુસ્તિકાઓ ખૂબ જ મદદરૂપ બનશે તેવો મને વિશ્વાસ છે. ચાલો ભૂતકાળની યાદોની પ્રસાદીને નૂતન જીવનનાં બહુઆયામી અને ઝડપી જીવન પ્રવાહમાં પ્રેરણાતીર્થ બનનાર જીવન ઉત્સવોનાં રહસ્યોને પામવાની કોશિષ ચાલુ રાખીએ.

વળી આશા રાખુ છું કે આપણા અનુભવી ઘણાંયે સભ્યો પાસે આવા સુંદર પ્રસંગોની યાદો સંઘરાયેલી હશે જ. કોઈ પુસ્તિકા કે લેખો સ્વરૂપે પણ હશે જ ! તો 'થિયોસોફિક જ્યોતિ'ના માધ્યમ દ્વારા આવા રસપ્રદ, પ્રેરણાદાયી તથા બ્રહ્મવિદ્ જીવનને સાકાર કરતાં પ્રસંગોનો સંપુટ ક્રમશઃ રજૂ થતો જાય તો સોનામાં સુગંધ ભળવાનો અહેસાસ જરૂર થશે ! આપણાં મિત્રો તથા કુટુંબીજનોને થિયોસોફીના સબળ પ્રવાહમાં નિઃસ્વાર્થ ભાવે ડૂબકી લગાવીને જીવનને ધન્ય થતું જોવાના અનેરાં પ્રસંગો જરૂર બનશે ! પ્રચાર-માધ્યમનું પરિબળ બનતાં વાર નહીં લાગે !

●●●

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

# ગિરિ-તળેટીથી

પ્રસ્તુતિ
શ્રી નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

*ગતાંકથી આગળ...*

વળી ગુરુદેવ કહે છે "તું તેના પર અબાધિત લક્ષ આપ". આ તો બિનસાંપ્રદાયિક સાહિત્ય છે. તેના આત્મિક મૂલ્યો ઊંચા છે. આ તો આત્મિક પ્રવાહોથી આવેલ ઝરણું છે. એમાં વિચાર સ્વરૂપો બહુ પ્રબળ હોય છે. તેથી તેના પર અબાધિત લક્ષ આપવા કહ્યું છે. અબાધિત લક્ષ આપીએ તો જ એ પ્રવાહ જ્યાંથી પ્રગટ્યો છે, તે સાથે આપણે જોડાય શકીએ.

સૂત્રોનો અભ્યાસ કરતાં પહેલા ગુરુદેવ ચાર વિધાનો કહે છે જે ખૂબ અગત્યના છે.

(૧) આંખો દર્શન કરી શકે તે પહેલા તે અશ્રુ સારવા અશક્ત બનવી જોઈએ.

(૨) કાન સાંભળી શકે તે પહેલા તેની લાગણી પ્રધાનતા તેણે ગુમાવી હોવી જોઈએ.

(૩) મહાપુરુષોની સમક્ષ અવાજ કાંઈ બોલી શકે તે પહેલા તેની સાંભળનારમાં ઉદ્વેગ ઉત્પન્ન કરવાની શક્તિ નાશ પામી હોવી જોઈએ.

(૪) જીવાત્મા મહાપુરુષો સમક્ષ ઊભો રહી શકે તે પહેલા તેના પગ તેના હૃદયના રક્તથી ધોવાયા હોવા જોઈએ.

આ ચાર વિધાનો ખૂબ જ મુશ્કેલ લાગે તેવા છે, પરંતુ આધ્યાત્મિક પંથના પ્રવાસી માટે ખૂબ જ અગત્યતા ધરાવે છે. તેથી જ આગળ કહેવામાં આવે છે કે આ ચાર વિધાનો દરેક કક્ષાના શિષ્યો માટે કહેવામાં આવ્યા છે. આપણે જાણીએ છીએ કે શિસ્ત-ડીસિપ્લિન-શબ્દ પરથી શિષ્ય-ડીસાઈપલ-શબ્દ બન્યો છે. શિસ્તને આધિન રહે તે શિષ્ય ! જેને ઉપદેશ આપી શકાય અને જે ઉપદેશ સાંભળી પોતાનામાં શિસ્ત લાવે છે તે શિષ્ય છે.

બીજું, જગતમાં પુષ્કળ પ્રકારની શક્તિઓ છે. આ શક્તિઓ વિશ્વના નિશ્ચિત કાનુન પ્રમાણે વર્તે છે. આથી કાર્ય-કારણની પરંપરા સર્જાય છે અને આ પરંપરા જગતનું નિયમન કરે છે. આથી જગતમાં જીવનનો પ્રવાહ યથાર્થ રીતે વહેતો રહે છે. વિજ્ઞાનીઓ કેટલાક કાનુનોને સમજી શકતા નથી, તેથી એવું નથી કે તેવી શક્તિઓ કે કાનુનો નથી જ, તેનું અસ્તિત્વ નથી જ. પ્રકાશના આંદોલનની જેમ આપણે ચુંબકીય આંદોલન ઝીલી શકતા નથી. જેના કારણે ગુરુત્વાકર્ષણનો નિયમ ખોટો છે કે નથી એમ કહી ના શકાય. અને આપણા માનવા કે ન માનવાથી નિયમમાં કોઈ ફેરફાર થતો નથી. તે તો તેની રીતે કામ કરે જ છે. વળી નિયમન વિનાની શક્તિઓ વિકાસને બદલે વિકાર-કેન્સર-ઉત્પન્ન કરે છે. આપણામાં અખૂટ શક્તિનો ભંડાર છે. જો આ શક્તિને નિયમન વિના છૂટી મૂકવામાં આવે તો તે યાતનાઓ જ લાવે. પરંતુ જો તેનું નિયમન થાય તો સુખ લાવે, શાંતિ આપે અને પ્રજ્ઞા પ્રગટાવે. શિસ્તને આધીન શિષ્યમાં નિયમન પામેલા શક્તિ સુખ, શાંતિ અને પ્રજ્ઞાનો ઉઘાડ જન્માવે છે. પરંતુ તે માટે એક અખંડ બાહ્યાભંતર વિહોણા સનાતન-અસીમ ભ્રમણની પેલે પાર ખૂબ ઊંડે ઊંડે રહેલ એક સમગ્ર અસ્તિત્વમાં શ્રદ્ધા જરૂરી છે અને આ દરેકમાં જુદા જુદા પ્રમાણમાં હોય

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

છે. આવા પ્રકારના પુસ્તકોમાંથી મનુષ્ય તેટલું જ પ્રાપ્ત કરી શકે જેટલું તે પોતાની સાથે લાવ્યો હોય. તેની પોતાની પુસ્તકમાના વિચારોને દાદ આપવાની શક્તિ ઉપર જ તેની સમજણનો આધાર છે. એટલે જ કહ્યું છે કે આ ચાર વિધાનો દરેક કક્ષાના શિષ્યો માટે કહેવામાં આવ્યા છે.

દરેક કક્ષાના શિષ્યો એટલે કે જે હજી જિજ્ઞાસુ કે ઉમેદવાર છે તેને માટે, આપણે જેને દેહાત્મભાવ કે ભુતાત્મભાવ કહીએ છીએ તે છોડવાનો નિર્દેશ કરે છે. એટલે નિમ્ન પ્રકૃતિ ધીરે ધીરે ઘટાડતા જઈ ઉચ્ચ જીવાત્મભાવે વિકસાવવા પ્રયત્ન કરવા કહે છે. એવી જ રીતે જેઓ શિષ્યપદ પ્રાપ્ત કરી ચૂક્યા છે, જે દીક્ષિત છે, તેઓએ જીવાત્મભાવથી ઉપર ઊઠી શુધ્ધાત્મભાવના આદેશોને એટલે કે અંતરઆત્માના અવાજને અનુસરવા વિકાસ કરવાનો છે. એક શબ્દના બે પ્રકારના ઉપદેશો સ્પષ્ટપણે જોઈ શકાય છે. પ્રત્યેક વાક્ય દ્વિઅર્થી છે. એક ઉચ્ચ કક્ષા માટે જ્યારે બીજો નિમ્ન કક્ષા માટે છે. માટે દરેકે પોતાની લાયકાત, અધિકાર કે કક્ષા મુજબ તેનો અર્થ સમજી જીવનને છે તેનાથી વધુ ઉચ્ચતર બનાવવા સતત જાગૃત રહી નિરંતર અભ્યાસ કરવાનો છે.

આપણે જાણીએ છીએ કે આ શિક્ષણ ભુતાત્મભાવ પર વિજય મેળવવા માટે છે. ભુતાત્મભાવ એ માનવનું સાચું સ્વરૂપ નથી. તે તો જીવાત્માનું એક સાધન માત્ર છે. ભુતાત્મભાવ સ્થળ-કાળ-રૂપ અને આકારથી બંધાયેલો છે, જ્યારે માનવનું સાચું સ્વરૂપ તો આ બધાથી પર ચૈતન્યમય છે. તે ચેતના રૂપે સર્વ કાંઈ જાણી શકે છે. “હું અગવડમાં છું”, “હું લાગણી ધરાવું છું, હું બુદ્ધિશાળી છું, હું સ્વાભિમાની છું” વગેરે અનુભવો ખરાં “હું”ના નથી. અગવડ સ્થુળ શરીરને પડે છે. લાગણી કામના શરીરને થાય છે, તેનો સ્વભાવ છે, અભિમાન માનસિક શરીરનો સ્વભાવ છે. આ બધા શરીરો ભેગા થઈ ભુતાત્મભાવ ઉદ્દભવે છે. ભુતાત્મા નિરંકુશ ઘોડા જેવો છે, જો તેનું નિયમન કરવામાં ન આવે તો તે સવારને ક્યાંનો ક્યાં ખેંચી જાય છે. તેથી આ વિધાનો ભુતાત્મભાવને નિયમનમાં રાખતા શિખવે છે. તે જાણવા ખૂબ જ અગત્યના છે.

(ક્રમશઃ)

---

(જીવનમાં નીતિ... પાના-૧૧ ઉપરથી ચાલુ)

છે. તેની અનુભૂતિ થશે. એટલે કે બુદ્ધિ જ અને વિચાર જ આપણા જીવનનું તમામ ક્ષેત્ર છે, તેમ જણાય આવશે. બુદ્ધિ અને વિચાર એ તો એક સાવ જ જીવનનો એક નાનો ભાગ છે.

આ નાનો ભાગ જ આપણને જેમ નચાવે છે એમ આપણે નાચીએ છીએ, તેના ગુલામ હોઈએ છીએ, મૂળ તેને ગુલામ બનાવવાની જરૂર નથી. જો આ જીવનમાં કરી શક્યા તો જિંદગી જીતી ગયા જાણો. મન-બુદ્ધિના નચાવ્યા નાચીએ છીએ માટે જ આંતરિક પરિવર્તન થતું નથી અને આંતરિક પરિવર્તન વિના પરમ શાંતિ ઉપલબ્ધ થાય જ નહીં અને પરમ શાંતિ પૂર્વક જીવવું એ જ જીવન છે. હાયહોય એ જીવન નથી. જીવનમાં સાચો પ્રશ્ન છે મનનાં બુદ્ધિ અને વાસનામાં સંપૂર્ણ ધ્યાનની સાધનાથી પરિવર્તન લાવવું અને તેને સ્થિર અને સંયમિત કરી જીવન જીવવાની જરૂર છે. જો આટલું જ માણસ આ જીવનમાં કરી શકે તો તે આ જીવન જીતી જ ગયો છે તેમ માનો. કારણ કે પરમ શાંતિ અને શાંતિપૂર્વક જીવન જીવી જશે. તે અભયમાં અને સંશય અને અહંકાર રહિતતામાં અને મનથી વિશાળતામાં સ્થિર હશે અને જેથી મુક્ત થશે અને સત્યને પામી શકશે.

●●●

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ
વસ્તુઓની ગૂઢબાજુ
સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

### નેચર-સ્પિરીટ્સનો આનંદ

આપણાં કરતાં તેમનું ચેતાતંત્ર ખૂબ જ સંવેદનશીલ હોય છે અને સંવેદનાઓનાં એવા ઘણાં મોજાઓને તેઓ ગ્રહણ કરી શકે છે કે જેને આપણું શરીર ગ્રહણ નથી કરી શકતું. તેઓ ઘણાં છોડ અને ખનિજોની સુગંધને પારખી શકે છે કે જેને આપણે પારખી શકતા નથી.

તેમના શરીરમાં બીજું કોઈ આંતરિક અવયવતંત્ર હોતું નથી. તેઓ ઈથરીક સ્વરૂપમાં હોવાથી તેમને ઈજા થઈ શકતી નથી કે ન તો ગરમી કે ઠંડી તેમને કોઈ અસર કરી શકે છે. અમૂક નેચર સ્પિરીટ્સને તો આગમાં સ્નાન કરવું ખૂબ જ ગમે છે. જ્યારે કોઈ મોટી આગ ફાટી નીકળે ત્યારે તેઓ બધી જ બાજુએથી તે આગ તરફ ધસી આવે છે. તેઓ આગનાં નેટર-સ્પિરિટ્સ છે અને મધ્યયુગનાં સાહિત્યમાં તેમને સાલામાન્ડર્સ તરીકે ઓળખવામાં આવે છે. શરીરનું દર્દ તેમને કોઈ અણગમતાં લાગણીના પ્રવાહોથી જ આવતું હોય છે. તેઓ ડરનાં અભિશાપથી સંપૂર્ણપણે મુક્ત હોય છે.

ફેઈરીની કલ્પનાશક્તિ ખૂબ જ ફળદ્રુપ હોય છે. તે કલ્પનાશક્તિથી પોતાની આસપાસ એક કાલ્પનિક સૃષ્ટિ અને અવસ્થાનું નિર્માણ કરી શકે છે. તેને આપણે કોઈ બાળક પોતાના મિત્રોને કોઈ વાર્તા કહેતું હોય તેની સાથે સરખાવી શકીએ છીએ. પરંતુ બાળક કરતાં ફેઈરી એ બાબતે વધુ આગળ હોય છે કે જેમ વાર્તા આગળ વધે તેમ તે પોતાને ગમતી કાલ્પનિક દુનિયા બનાવી શકે છે અને તેના મિત્રો આ દુનિયાને જોઈ પણ શકે છે.

ફેઈરી માટે આ પરિકલ્પનાઓ એકદમ વાસ્તવિક અને પરમ આનંદ આપનારી હોય છે. જે ફેઈરીમાં કલ્પનાશક્તિ સારી એવી વિકસેલી હોય છે તેને બીજા ફેઈરીઝ તરફથી પ્રશંસા મળે છે અને તેને સાંભળનારા તેમજ તેના અનુયાયીઓમાં વધારો થાય છે.

### મનુષ્ય તરફ નેચર-સ્પિરીટ્સ અભિગમ

મોટાભાગનાં નેચર-સ્પિરીટ્સને મનુષ્ય નાપસંદ છે અને તેઓ મનુષ્યને અવગણે છે. તેઓ મનુષ્યને એક એવા દૈત્ય તરીકે જુએ છે કે જે જ્યાં પણ જાય ત્યાં બધુ નષ્ટ જ કરતો રહે છે. નેચર-સ્પિરીટ્સને કુદરતની જે પણ સુંદર વસ્તુઓ ગમે છે તેનો મનુષ્ય કારણ વગર જ સંહાર કરતો રહે છે. તે વૃક્ષો કાપી નાખે છે, ઘાસને કચડી નાખે છે તેમજ ફુલો તોડીને તેમને મરવા માટે ફેંકી દે છે. માણસે જંગલોનો નાશ કરીને તેના સ્થાને કોંક્રિટનાં જંગલો ઉભા કરી દીધા છે. ફુલોની સુગંધનાં બદલે હવે રસાયણો અને ફેક્ટરીઓનાં ધુમાડાની દુર્ગંધ આવે છે. આવી બધી પ્રવૃત્તિઓનાં લીધે જ નેચર-સ્પિરીટ્સ આપણને ડરથી જુએ છે અને જેમ આપણે કોઈ જેરી પશુથી ડરીએ છીએ તેમ નેચર-સ્પિરીટ્સ આપણાંથી ડરે છે.

એટલું જ નહિ પરંતુ આપણી મોટાભાગની ટેવો અને આપણામાંથી નીકળતી લાગણીઓ પણ તેમને પરેશાન કરે છે. આપણે દારૂની વરાળ અને બીડી-સિગરેટનાં ધુમાડાથી હવાને પ્રદૂષિત કરીએ છીએ, આપણામાંથી નીકળતી નફરત, ઈર્ષ્યા, લાલચ, ગુસ્સો વગેરે જેવી નકારાત્મક લાગણીઓથી નેચર-સ્પિરીટ્સ

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

અસ્વસ્થ થઈ જાય છે. જેમ કોઈ આપણાં પર ગંદુ પાણી રેડી દે ત્યારે આપણે જે લાગણી થતી હોય તેવી જ લાગણી તેઓને થતી હોય છે. તેમનાં માટે કોઈ સામાન્ય માનવીની નજીક રહેવું તે વાવાઝોડાની નજીક રહેવું બરાબર છે.

એવાં ઉદાહરણો છે કે જેમાં મનુષ્ય દ્વારા વધારે પડતી દખલગીરી કે પરેશાનીને લઈને તેઓએ મનુષ્ય તરફ પોતાનો અણગમો વ્યક્ત કર્યો હોય. આવા બનાવો ખૂબ જ જૂજ છે, પરંતુ તેવા સંજોગોમાં પણ તેઓ મનુષ્યને દેખીતું કોઈ જ નુકસાન કરતા નથી. તેઓ માત્ર મનુષ્ય પર પોતાની યુક્તિઓ વાપરે છે જે બાળકોનાં તોફાન જેવી હોય છે. તેઓ મનુષ્યને ભ્રમિત કરવાની યુક્તિઓ કરે છે. જેમ કે પહાડી રસ્તામાં ચાલતા મનુષ્યને તેઓ રસ્તો ભુલવાડી શકે છે કે પછી તેઓ મનુષ્યમાં એવી ભ્રમણા પેદા કરે છે કે તેને મહેલો અને કિલ્લાઓ દેખાય છે કે જ્યાં હકીકતમાં તેવું કશું જ હોતું નથી. આવી ઘણી લોકવાયકાઓ આપણને ગામડાઓમાં સાંભળવા મળે છે.

### જાદુ

ફેઈરીઝ સામેવાળી વ્યક્તિને મોહિત કરીને તેના પર જાદુ કરવાની અદભૂત શક્તિ ધરાવે છે. આવો વ્યક્તિ માત્ર તે જ જુએ અને સાંભળે છે જે ફેઈરીઝ તેમને સંભળાવે અને બતાવે. પરંતુ તેઓ ક્યારેય મનુષ્યની ઈચ્છા પર કાબૂ મેળવતા નથી. જોકે નબળા મનનો માનવી ફેઈરીઝની અસર નીચે પોતાની ઈચ્છાશક્તિ ગુમાવી પણ શકે છે.

ફેઈરીઝ મનુષ્ય માટે ભ્રમણા પેદા કરવાથી વધારે બીજું કશું જ કરી શકતા નથી, પરંતુ તેઓ આવી ભ્રમણા મોટા જનસમુદાય પર પણ કરી શકે છે. તેમની આ શક્તિની મદદથી ભારતનાં જાદુગરોએ કેટલાંક પ્રખ્યાત જાદુ કરેલાં છે. જેમ કે ભારતનો બહુ પ્રખ્યાત થયેલો ટોપલીનો જાદુ કે પછી ઊભા દોરડાનો જાદુ કે જેમાં દોરડું પોતાની જાતે જ કોઈ પણ પ્રકારનાં આધાર વગર ઊભું થાય અને જાદુગર તેનાં પર ચડીને અદૃશ્ય થઈ જાય. અહીં હકીકતમાં પ્રેક્ષકો ભ્રમિત થયેલાં હોય છે અને તેઓ એ બધું જુએ અને સાંભળે છે જે બન્યું જ નથી હોતું.

મોહિત કરવાની કે ભ્રમણા પેદા કરવાની શક્તિ એ માત્ર મજબૂત અને ચોખ્ખી માનસિક પ્રતિકૃતિ બનાવીને તેને બીજાનાં મનમાં સ્થાપિત કરવાની ક્ષમતા છે. મોટાભાગનાં મનુષ્યો આને અશક્ય માને છે, કેમ કે તેમણે આ કેવી રીતે કરવું તે ખબર હોતી નથી તેમજ તે માટે ક્યારેય પણ પ્રયત્ન કરેલો હોતો નથી. ફેઈરીઝ આ કરી શકવામાં નિષ્ણાંત છે અને તે તેમનાં રોજિંદા જીવનનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે.

ભારતની જાદુની તરકીબોમાં તો તેમણે એક જ પ્રકારની છબી વારંવાર પેદા કરવી પડતી હોય છે અને તેને લીધે તેઓ કોઈ પણ પ્રકારનાં પ્રયત્ન વગર જ આ તરકીબોમાં ભાગ લઈ શકે છે. આ કેવી રીતે થાય છે તે સમજવા માટે સૌથી પહેલાં તો આપણે એ માનવું પડશે કે માનસિક છબી એ એક વાસ્તવિક હકીકત છે. **'Thought-Forms'** પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે તે માનસિક સ્તરે થતું એક ચોક્કસ નિર્માણ છે. આપણે એ સમજવું જોઈએ કે મન અને દિમાગ વચ્ચે માહિતીનું જે આદાન-પ્રદાન થાય છે તે દિમાગનાં એસ્ટ્રલ અને ઈથરીક પ્રતિરૂપ દ્વારા થાય છે. આ આદાન-પ્રદાનને ગમે ત્યારે અટકાવીને બહારથી નવી માહિતી મોકલી શકાય છે.

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

**નેચર-સ્પિરીટ્સ સાથે મિત્રતા**

ભલે નેચર-સ્પિરીટ્સ મનુષ્યથી દૂર રહેવાનો પ્રયત્ન કરતાં હોય પરંતુ એવાં ઘણાં ઉદાહરણો છે કે જેમાં તેઓએ મનુષ્ય સાથે મૈત્રી કરેલી હોય અને તેને પોતાનાથી બનતી બધી જ મદદ કરી હોય. એવું કહેવાય છે કે અમુક ભારતીય યોગીઓની પાસે જંગલી પશુઓ કોઈ પણ પ્રકારનાં ડર કે હિંસા વગર રહેતાં હોય છે, તેવી જ રીતે પવિત્રતાનાં માર્ગ પર પહોંચેલા મનુષ્યની આસપાસ નેચર-સ્પિરીટ્સ પણ રહેતાં હોય છે. તેઓ આ મનુષ્યને પોતાનો મિત્ર જ સમજે છે. આવા મનુષ્યમાંથી આવતું લાગણીનું મોજું તેમના માટે ઓછું ઝંઝાવાતી હોય છે અને વધુ સહાનુભૂતિવાળું હોય છે.

ઘણીવાર ફેઈરીઝ નાના બાળકો સાથે પોતાને સાંકળે છે અને તેમના પ્રત્યે ફેઈરીઝને તીવ્ર જોડાણ હોય છે. ખાસ કરીને એવાં બાળકો કે જેમની કલ્પનાશક્તિ સારી હોય. કેમ કે આવા બાળકોનાં વિચાર-સ્વરૂપોને ફેઈરીઝ જોઈ શકે છે અને તેમાંથી તેમને આનંદ મળતો હોય છે. એવા પણ દાખલા નોંધાયેલા છે કે જેમાં નેચર-સ્પિરીટે કોઈ સુંદર બાળકને પોતાની દુનિયામાં લઈ જવાનો પ્રયત્ન કરેલો હોય. પરંતુ આ પ્રયત્ન તે બાળકને મોટો થઈને પોતાની નિર્દોષતા ગુમાવવાથી બચાવવા માટે થયેલો હોય છે.

ભૂતકાળમાં ઘણીવાર અમુક નેચર-સ્પિરીટ્સ કે જેઓ કદ અને દેખાવમાં મનુષ્ય જેવાં લાગતા હોય તેમણે થોડાં સમય માટે પાર્થિવ શરીર ધારણ કર્યું હોય અને પોતાને ગમતાં સ્ત્રી કે પુરૂષ સાથે સંબંધ બાંધવાનો પ્રયત્ન કર્યો હોય તેવા ઉદાહરણો છે. કદાચ આમાંથી જ ઘણી ઉમદા વાર્તાઓ જન્મી હશે ! (ક્રમશઃ...)

---

(કાર્યશિબિર અહેવાલ... પાના-૧૨ ઉપરથી ચાલુ)

શ્રી ભગીરથ શ્રીમાળીનું પુષ્પગુચ્છથી સ્વાગત મંત્રી ગિરીશ 'નીલગિરિ'એ કર્યું.

ભગીરથભાઈ શ્રીમાળીએ પૂર્ણાનંદ લોજનો સહૃદયપૂર્વક આભાર માન્યો. લોજની અનેક પ્રવૃત્તિઓથી હું પરિચિત હોવાથી પૂર્ણાનંદ લોજને જ્યારે મારી જરૂર પડે ત્યારે હું પૂર્ણાનંદ લોજની પડખે ઊભો રહીશ. તેમનું ટૂંકું પણ સરળ પ્રવચન સર્વેને સ્પર્શી ગયું. તેમણે ગિરીશ 'નીલગિરિ' – મનોહરભાઈ પટેલ પ્રતીક શ્રીમાળી તથા લોજના સભ્યોનો આભાર માન્યો.

અતિથિ વિશેષ તરીકે પધારેલ શ્રી હસમુખભાઈ મિસ્ત્રી સાહેબ પેટલાદનગરનાં સેવાભાવી, તેમજ અગ્રમી સામાજિક કાર્યકર છે. તેમનું સ્વાગત પ્રતીકભાઈ શ્રીમાળીએ કર્યું. શ્રી હસમુખભાઈ આમ તો જૂના સભ્ય હોવાથી લોજની દરેક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતાં છતાં તેમનું સાદી-સરળ ભાષાનું મૌલિક પ્રવચન પ્રશંસનીય હતું.

આજ શિબિરના મુખ્ય વક્તા શ્રી સતિશભાઈ આર. મોદી "મારી દૃષ્ટિએ થિયોસોફી" વિષય પર મુખ્યત્વે પ્રકાશ પાડ્યો. બ્રહ્મવિદ્યા, આધ્યાત્મ વિદ્યા, શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ – આ "બ્રહ્મ" શબ્દ પર પ્રિ. સતિશભાઈ મોદીએ સરસ રજૂઆત કરી. પ્રિ. શ્રી સતિશભાઈ મોદી સાહેબનું આજની શિબિરમાં વક્તા તરીકેનું પ્રવચન પ્રશંસનીય રહ્યું.

પૂર્ણાનંદ લોજના ઉત્સાહી પૂર્વ પ્રમુખ અને ગુજ. ફેડરેશન કારોબારી સભ્ય શ્રી મનહરભાઈ આર. પટેલે શિબિરને ઉદ્દેશીને, સભ્યોને સમજપૂર્વક થિયોસોફી શું છે એ ખ્યાલ આવે એ રીતે સરસ માહિતી રજૂ કરતું પ્રવચન આપ્યું. મનહરભાઈએ સરળ ભાષામાં થિયોસોફી શું છે એ સભ્યોને જણાવ્યું.

સમારંભના અધ્યક્ષ શ્રી મોહનભાઈ પટેલે થિયોસોફીએ જીવન જીવવાની એક કળા છે. એ દ્વારા સચોટ દૃષ્ટાંતો સાથે ટૂંકમાં રજૂઆત કરી.

કાર્યક્રમ સમાપન કરતાં શેખડી ગામના સરપંચ શ્રી ચંદ્રેશભાઈ બી. પટેલે "ૐમ નાદ" દ્વારા ધ્યાનસ્થ કરી કાર્યક્રમની સમાપન તરફ વાળ્યાં....

આભાર દર્શન... શ્રી જગદીશભાઈ મેકવાને કરી. આ કાર્યક્રમ શ્રી મનહરભાઈ પટેલ તથા પ્રમુખ પ્રફુલ્લભાઈ પટેલના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો.

• • •

---

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# જીવનમાં નીતિ અને ધર્મ શું છે ?

પ્રસ્તુતિ
શ્રી કાંતિલાલ પટેલ
સનાતન લૉજ, સુરત

*તા. ૨૪.૦૭.૨૦૧૯ ના રોજ સનાતન લૉજ, સુરતમાં આપેલ પ્રવચન*

માનવજીવનમાં નીતિ અને ધર્મ શું છે ? તેનો સ્પષ્ટ અને સુરેખ જવાબ એ છે કે જીવનમાં આત્મસ્થ અને હ્દયસ્થ થઈને સત્યનું અનુસરણ અને આચરણ કરવાથી જ માનવીય જીવનનાં અને ધર્મના બધા જ સિદ્ધાંતોનો સમાવેશ થઈ જાય છે. કારણ કે આ એકના જ આચરણની પાછળ માનવીય જીવનના અને સત્ય ધર્મના બધા જ સિદ્ધાંતો આવી રહે છે. તેને શોધવા કે વિચારવાની કે જરૂર પડતા જ આપોઆપ આવી રહે છે.

આમાં એક જ શર્ત છે કે માણસે સત્યતાપૂર્વક સત્યનું પાલન કરવું. આ સત્ય બીજાનું નહીં પોતાનું જ સત્ય હોવું જોઈએ. બીજાનું સત્ય કદી પણ સત્ય સુધી પહોંચાડે જ નહીં. એટલે કે શાસ્ત્રો કે કોઈપણ ધર્માત્માના વચનો દ્વારા તમારાથી સત્ય સુધી પહોંચી શકાય નહીં.

એટલે કે ગીતા મોઢે કરવાથી પહોંચાય જ નહીં પણ ગીતાને આત્મસાત કરી તેમને અંતરથી જ જાણીને તેમાંનું તેઓને પોતાને જે સત્ય લાગે તેને આત્મસાત કરીને જે અંતરથી તેને જો અનુસરશે એજ તમારું પોતાનું સત્ય બની જાય છે, તેનું અનુસરણ જ સત્ય સુધી પહોંચાડી શકે એ પાયાની વાત છે. આવું આચરણ જ નીતિ-ધર્મનું આચરણ છે.

કૃષ્ણ, બુદ્ધ, મહાવીર સત્યને પામ્યા છે તો તે પણ પોતાના સત્ય દ્વારા જ સત્યને પામ્યા છે. મહર્ષિ અરવિંદ, મહર્ષિ રમણ પણ પોતાના સત્ય દ્વારા જ સત્યને પામ્યા છે, આ હકીકત છે. આમ પોતાનું સત્ય એટલે પોતાના આત્માનું સત્ય અને આત્માના સત્યને જાણવા, સમજવા અને સંભાળવા માટે પ્રથમ શરત એ છે કે તમારે તમારો પોતાનો અહંકાર ઓગાળવો જ પડે છે અને સાક્ષીભાવમાં અને અકર્તૃત્વમાં સ્થિર થવું જ પડે છે. આ મોટી શરત છે જે પોતાના જીવનમાં સ્વસ્થતાપૂર્વક પ્રસન્ન ચિત્તે આ શરતનું પાલન કરે છે તે જ સત્ય ધર્મનું અને નીતિનું અનુસરણ કરે છે અને સત્યને પામી શકે છે અને તેનું નામ જ સત્ય ધર્મનું આચરણ છે.

ગાંધીજીએ પોતાના આખા જીવનમાં પોતાના સત્યનું બરાબર પાલન કરેલ છે, તે આપણે સૌ જાણીએ છીએ. તેઓએ ઘોષણા કરી કે સત્ય એ જ પરમાત્મા છે, બીજો કોઈ જગતમાં પરમાત્મા નથી. ત્યારે પરમાત્માને જ પામવું હોય તો વિતરાગ એટલે કે રાગ અને વિરાગથી મુક્ત થાવ અને વિતરાગમાં અને નીર્ગ્રંથમાં સ્થિર થઈને આત્માને જાણો ને તેમાં સ્થિર થાવ અને તમારા પોતાના સત્ય અનુસાર આચરણ કરો, જરૂર સત્ય સ્વરૂપ જ બની જશો ને તમારું પોતાનું અસ્તિત્વ મટી જશે ને પરમ આનંદ અને પરમ સુખમાં સ્થિર થશો. જેને અમૃતરૂપ જીવન કહ્યું છે. આનું નામ છે સત્ય ધર્મની નીતિ અનુસાર જીવન જીવવું. પરંતુ આજની સ્થિતિ એ છે કે માણસના શુદ્ધ અને સ્થિર મનમાં જે સારા અને ઉત્તમ વિચારો ઉઠે છે તે જ નીતિ અને સદાચાર કહેવામાં આવે છે. તેને જ આત્માનો અવાજ કહેવામાં આવે છે. જો તમારું શુદ્ધ મન અને શુદ્ધ બુદ્ધિ હશે તો નિરંતર ઉત્તમ વિચારો જ આવવાના.

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

એમાંય તમો લોભ અને લાભથી અલિપ્ત હશો તો તે જીવનમાં પરમાત્મા સ્વરૂપ જ છો તેમાં કોઈ શંકા જ નથી. એટલે તે જ અમૃતમય જીવન જ જીવતા હશો.

માણસ કદી પણ માહિતી દ્વારા આંતરિક પરિવર્તન કરી શકતો જ નથી અને આંતરિક પરિવર્તિત થયા વિના પરમ શાંતિ અને આનંદ જીવનમાં પ્રાપ્ત થાય જ નહીં અને આંતરિક પરિવર્તન માત્ર ને માત્ર પોતાના સત્યમાં સ્થિર થવાથી, પોતાના સ્વભાવમાં સ્થિર થવાથી, આત્માને જાણવાથી, આત્મામાં સ્થિર થવાથી અને આત્મજ્ઞાનની પ્રાપ્તિથી જ મળે છે. આ સિવાય આ જગતમાં પરમ આનંદ, પરમ સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાનો આ દુનિયામાં બીજો કોઈ માર્ગ નથી એટલું બરાબર જાણો. શુદ્ધ અંતરથી સમજો અને તમારા પોતાના જ સત્યમાં સ્થિર થાવ. તમો તમારા આત્માને જાણી આત્મસ્થ થાવ છો ત્યાં જ પરમ શાંતિ પરમ સુખ છે. જેને ગીતામાં સ્વધર્મમાં સ્થિર થવાનું કહ્યું છે તે આ છે. તમારા પોતાના આત્મામાં સ્થિર થઈને જીવવું ત્યાં જ પરમ આનંદ છે. તેનું નામ આત્મજ્ઞાન છે અને જ્ઞાન જેવી આ જગતમાં કોઈ ચીજ પવિત્ર નથી અને જ્ઞાન જ મોક્ષનું સાધન છે.

પરમ શાંતિ, સુખ અને આનંદ એ અંદર તમારા પોતાના સ્વભાવમાં જ છે, બહાર કોઈ પદાર્થમાં નથી. એટલે તેને અંદરથી જ શોધવા પડે છે જે પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે, સ્વધર્મમાં સ્થિર થાય છે, તે જ મોક્ષને વરે છે અને પરમ શાંતિને પામે છે !

**આંતરિક પરિવર્તન જીવવાની સાચી રીત :**

જો આપણે આંતરિક ધ્યાનની સાધના દ્વારા બહારના કશા પણ પ્રવાહ વિના, કશી સમજાવટ વિના,કોઈપણ જાતના ભય વિના, આપણી અંદર આપણા જીવનના મૂળ તત્ત્વમાં, સ્વભાવમાં, જાતમાં સ્થિર થઈને સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક રીતે સઘળું આંતરિક પરિવર્તન લાવી શકીશું તો જ આપણે સ્પર્ધાત્મક, ચિંતાગ્રસ્ત, ભયભીત, લોભી, સ્વાર્થી અને પદાર્થની પકડમાંથી મુક્ત થઈ જ શકીશું અને આપણા સ્વભાવના બાકીના બધા જ આવિષ્કારોમાંથી મુક્ત થઈશું અને પરમ શાંતિ પામી શકીશું.

આપણી આજની બાહ્યાચારોની બધી જ વિચારસરણી અને બાહ્ય ધાર્મિક ક્રિયાઓ તદ્દન બેહુદી છે, બનાવટી છે. તેમાંથી કશું પણ પ્રાપ્ત થતું જ નથી અને કદી પણ થનાર જ નથી. એટલું બરાબર શુદ્ધ મનનથી જાણો અને અનુભવો, અનુભૂતિ કરો.


કોઈપણ ચીજ કે વિચાર જીવનમાં હૃદયથી ચકાસ્યા વિના, જાણ્યા વિના, અનુભવ્યા વિના અનુસરો નહીં. તે જીવન જીવવાની સાચી રીત છે. માનીને ચાલવું એટલે અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધા છે ત્યાં કદી શાંતિ હોય શકે જ નહીં. એ આધ્યાત્મ જગતનો શાશ્વત સિદ્ધાંત છે. જીવનમાં જીવનનું તત્વજ્ઞાન મહત્ત્વનું નથી પણ આપણા દૈનિક જીવનમાં જે કાંઈ બની રહ્યું છે તેને સ્વસ્થતા પૂર્વક પ્રસન્ન ચિત્તે અંદરથી અને બહારથી તટસ્થ ભાવે સાક્ષીના ભાવમાં સ્થિર થઈને રાગ અને દ્વેષથી પર થઈને જોવું, જાણવું અને અનુભવવું એ જ મહત્ત્વનું છે અને જે આપણને આત્મિક સત્ય લાગે તેનું અનુસરણ કરવું એ જ સત્યનો માર્ગ છે. આપણા જીવનમાં બીજાને ઓળખવા એ આપણું શાણપણ છે. પણ સ્વયંને ઓળખવું, જાણવું અને અનુભવવું એ જ જ્ઞાન છે અને જ્ઞાન એ જ મુક્તિ છે !

આપણા સમગ્ર જીવનમાં જે કાંઈ બની રહ્યું છે તેને તટસ્થ ભાવે પ્રસન્ન ચિત્તે જોશો, જાણશો અને તપાસશો તો બધું જ તમારા વિચાર ઉપર જ આધારિત

*(અનુસંધાન પાન-૦૬ ઉપર)*

## *પૂર્ણાનંદ લૉજ ઑફ થિયોસોફિકલ સોસાયટી – પેટલાદ*
## *તા. ૨૮.૭.૨૦૧૯ રવિવારે યોજાયેલ કાર્યશિબિર અહેવાલ*

*પ્રસ્તુતિ*
શ્રી ગિરીશ 'નીલગિરિ' – મંત્રી
*પૂર્ણાનંદ લૉજ, પેટલાદ*



પૂર્ણાનંદ લોજ ઓફ થિયોસોફિકલ સોસાયટીની પ્રથમ કાર્યશિબિર તા. ૨૮.૭.૨૦૧૯, રવિવારે રેડ કોર્ષ ભવન, પેટલાદ ખાતે સમય ૪.૦૦ થી ૬.૩૦ દરમિયાન યોજાઈ હતી.

શિબિરની શરૂઆત લોજના સક્રિય સભ્ય શ્રીમતિ સુમનબેન મનહરભાઈ પટેલે પ્રાચીન ભજન ગાઈને કરી હતી. ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થના ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનાં કારોબારી સભ્ય, પૂર્વ પ્રમુખ શ્રી મનહરભાઈ આર. પટેલે રજૂ કરી હતી. આવકાર પ્રવચન અને શબ્દોથી સ્વાગત પૂર્ણાનંદ લોજના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ જી. પટેલે કર્યું હતું.

શિબિરનું મંગલદિપ પ્રાગટ્ય કરી ઉદ્દઘાટન કર્યું હતું શ્રી મોહનભાઈ પટેલ તથા મુખ્ય મહેમાન શ્રી દર્શનભાઈ મોદી (મંત્રી, ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર). ત્યારબાદ પૂર્ણાનંદ લોજના સિનિયર સભ્યશ્રી ગિરીશ 'નીલગિરિ'એ ત્રણ દાયકા પહેલાના સંસ્મરણો વાગોળી – પૂર્ણાનંદ લોજનો ચડાવ-ઉતાર રજૂ કર્યો હતો અને પૂર્ણાનંદ લોજ બે-બે વાર્ષિક અધિવેશનો કર્યા તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ ક્ષણે પધારેલ વયોવૃદ્ધ પ્રો. હસમુખભાઈ દવે (પૂર્વ ઉપ-પ્રમુખ, થિયો. ફેડરેશન, ભાવનગર)નું પુષ્પગૂચ્છથી શ્રી ગિરીશ 'નીલગિરિ' સ્વાગત કરી બિરદાવ્યાં હતાં.

પૂર્ણાનંદ લોજના પાયાના કાર્યકર શ્રી પ્રતિક શ્રીમાળી જગદિશભાઈ મેકવાન અને પ્રો. પ્રતીક્ષાબેન શાહ તેમના અનુભવો અને સંસ્મરણો રજૂ કરી લોજ સાથેના તેમના કાર્યોની ઝીણવટપૂર્વક રજૂઆત કરી હતી.

કાર્યશિબિરમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ શ્રી દર્શનભાઈ મોદી – મંત્રીનું સ્વાગત શ્રી મનહરભાઈ આર. પટેલે કર્યું હતું. ત્યારબાદ શ્રી દર્શનભાઈ મોદીએ થિયોસોફિકલ સોસાયટી શું છે તેમજ થિયોસોફિસ્ટ કેવા હોવા જોઈએ, થિયોસોફીની કાર્યપદ્ધતિ વિશે તેમનું પ્રેરણાદાયી પ્રવચન સર્વે સભ્યોને સ્પર્શી ગયું.

અમારી પૂર્ણાનંદ લોજની લોકપ્રિય ભૂતપૂર્વ સભ્ય શ્રીમતિ વૈશાલીબેન શ્રીમાળી તેમના પતિ ભગીરથ શ્રીમાળી સાથે અતિથિ વિશેષમાં બિરાજમાન હતાં.

શ્રીમતિ વૈશાલીબેન શ્રીમાળીનું પુષ્પગુચ્છથી સ્વાગત શ્રીમતિ રોમિકાબેન સૌરભભાઈ મેનગરે કર્યું હતું. જ્યારે તેમના પતિ શ્રી ભગીરથભાઈ શ્રીમાળીનું સ્વાગત શ્રી ગિરીશ 'નીલગિરિ'એ કર્યું હતું.

અતિથિ વિશેષ પદેથી રજૂઆત કરતા શ્રીમતિ વૈશાલીબેન શ્રીમાળીએ કહ્યું હતું કે પૂર્ણાનંદ લોજ ઓફ થિયોસોફિકલ સોસાયટીએ મારા જીવનનું પ્રેરકબળ પૂરું પાડ્યું છે. હું નાની હતી પણ મને લોજ અને ફેડરેશનનાં વડિલોના આશિર્વાદ હંમેશાં મારી સાથે રહ્યાં છે. આજે હું સુખી છું અને શિક્ષીકા છું, સાથે સાથે ગૃહસ્થી પણ છું. થિયોસોફિકલ સોસાયટી સાથે જોડાયેલી હતી અને થોડું ઘણું વાંચન પણ હતું તેના કારણે અનેક સમસ્યાઓમાંથી પસાર થઈ આજે હું તમારી સામે છું. આ સમયે, શિબિરમાં મને શ્રી ગિરીશ 'નીલગિરિ' સરે અને મનહરકાકાએ મને બોલાવી તેમનો આભાર વ્યક્ત કરૂં છું.

*(અનુસંધાન પાન-૦૯ ઉપર)*

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

# અહિંસાનો માર્ગ

પ્રસ્તુતિ
પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા
અમદાવાદ લૉજ

(G.N.L.U.) ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં જ 'ફિલોસોફી અને પ્રેક્ટિસ ઓફ નોન-વાયોલન્સ' પર પ્રો. વિનોદકુમારનું વક્તવ્ય યોજાયું હતું. તેમાં વક્તાએ જણાવ્યું કે ભારતની સંસ્કૃત ફિલોસોફી દ્વારા અહિંસક પરંપરાનો ઉદ્દભવ થયો છે. ભારતીય પરંપરામાંથી ક્યારેય પણ અહિંસાને બહાર ફેંકવામાં આવી નથી. વળી બુદ્ધિષ્ટ તથા જૈન ધર્મના આગમન બાદ અહિંસાના પ્રચારમાં વૃદ્ધિ જોવા મળી છે. ભારતીય સંસ્કૃતિ પહેલાથી જ જીવદયા તરફી રહી છે. પ્રાણીમાત્ર પ્રત્યે પૂર્ણ અનુકંપા. વળી લોકોનો વિશ્વાસ પણ અહિંસા પ્રત્યે વધારે રહ્યો છે. ભારત સદાય વિશ્વને કુટુંબ સમાન ગણે છે.

વર્તમાન સંજોગોમાં હિંસાનું જોર વધતું જણાય છે. ગાંધીજીએ ચિંધેલા અહિંસાના માર્ગને લોકો ઝાઝું મહત્ત્વ આપતા નથી. અન્ય દેશોમાં તો અહિંસાના વિચારને પૂરતું સમર્થન મળતું નથી. વૈશ્વિક રાજકારણમાં તો લશ્કરી દળોનું મહત્ત્વ તથા અણુશસ્ત્રો વગેરેનો ઉપયોગ કદી ઓછાં થાય તેવું વિચારવું પણ અસ્થાને, અયોગ્ય અથવા મૂર્ખામીભર્યું લેખાય છે, તેને આપણે નકારી શકીએ નહીં. છતાં માનવજાતના ભવિષ્યનો વિચાર કરીએ તો હિંસાનો માર્ગ છોડવો જ રહ્યો. માર્ટીન લ્યૂથર કિંગ તથા નેલ્સન મંડેલા જેવા મહાત્માઓનો વિચાર સ્વીકારવો રહ્યો.

અહીં ગાંધીજીનાં "હિંદ સ્વરાજ"માં વ્યક્ત થયેલાં થોડાક વિચારોની ચર્ચા કરવાનો ઉદ્દેશ છે. તેનું મહત્ત્વ આજે પણ એટલું જ છે જેટલું તે પુસ્તક પ્રકટ થયું ત્યારે હતું. ૧૯૦૮માં જ્હોન રસ્કિનનું પુસ્તક **'Unto This Last'** (અન્ટુ ધીસ લાસ્ટ) ગાંધીજીના વાંચવામાં આવ્યું. તેમાંથી ગાંધીજીને 'સર્વોદય'નો વિચાર પ્રગટ્યો. ૧૯૦૮માં તે શબ્દ ગાંધીજીએ આપ્યો. પશ્ચિમના દેશોમાં ભૌતિક સુખના સાધનોની વૃદ્ધિ, ઉપયોગ વગેરે દ્વારા સમાજ સુખી થાય છે એવી વિચારધારા હજુ પ્રચલિત છે. ગાંધીજીનો માર્ગ તો અધ્યાત્મનો હતો. સાદાઈ, સ્વાશ્રય, સ્વચ્છતા, કરકસર, સંયમી જીવન, સહકાર તથા દુઃખી ગરીબોની સેવા તેમના આદર્શો હતા. વિનોબા ભાવેએ એ વિચારને 'સામ્યયોગ' કહ્યો છે. ગાંધીજીએ 'સર્વોદય' શબ્દ આપ્યો, જે સૌને સ્વીકાર્ય છે. ગાંધીજીનું 'હિંદ સ્વરાજ' અહિંસાની તેમજ અહિંસા ઉપર આધારિત નવી સમાજ રચનાની અહાલેક જગવતું પુસ્તક છે.

'સ્વરાજ' શબ્દને યોગ્ય રીતે સમજીએ તો સ્વ + રાજ, તે આપણા આત્માનું રાજ છે, એટલે કે સ્વ-શાસન અથવા આત્મ-શાસન, જેનો અર્થ થાય છે મનુષ્યનું પોતાની ઉપરનું રાજ. આવો અર્થ આત્મ-સંયમ, એવો આધ્યાત્મિક અર્થ થાય. જે ભારતીય સંસ્કૃતિના બધા મુખ્ય ધર્મોમાં પ્રાધાન્ય પામે છે તેવો અર્થ, જે પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઓછું મહત્ત્વ ધરાવે છે. સત્યાગ્રહના આત્મબળમાં પ્રેમનું બળ છે, જે હથિયાર બળનો અર્થ ધરાવતું નથી. આત્મબળથી સત્યાગ્રહ સફળ થાય છે.

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

ગાંધીજીના આદર્શ વિચારમાં End જેટલું જ મહત્ત્વ Means નું છે. ધ્યેય ઉચ્ચ હોય તે જરૂરી છે, પણ તેને પ્રાપ્ત કરવાનાં સાધનો (means) પણ એટલાં જ શુદ્ધ હોવાં જરૂરી છે. અશુદ્ધ સાધનોના ઉપયોગથી અનિષ્ટ પરિણામો ઉપજે છે. આ વાત અનુભવ સિદ્ધ છે. આઝાદી માટે અહિંસક સાધનોનો જ ઉપયોગ થવો જોઈએ, હિંસા સદૈવ વર્જ્ય છે.

વળી, ભૌતિક સુખોના ભોગની મર્યાદા બાંધવી જ રહી. Thus far, and no further. લક્ષ્મણ રેખા કહો કે આત્મ-સંયમ. જેઓ પાસે વધારે છે, તેઓ શું સાચે જ સુખી છે ? વળી, ગાંધીજીએ કહ્યું કે માનવીય સમાજ-રચનામાં ગળાકાપ હરિફાઈને સ્થાન જ ના હોય. વિશ્વની મહાસત્તાઓ વચ્ચે વ્યાપાર-યુદ્ધો વધી રહ્યાં છે. લોકોને લૂંટવાના ધંધાને કદી પ્રોત્સાહન ન અપાય. વિશેષમાં, આવો સમાજ યંત્રોની ઘેલછામાં ન પડી જાય. Computers, Mobile, Phones, Robots નું સામ્રાજ્ય આજે વધી રહ્યું છે, તેમાં પરિશ્રમનું સ્થાન હોવું જરૂરી છે. પરિશ્રમ આધારિત જીવન લાંબુ ટકી શકે, પરિશ્રમ રહિત જીવન સાપરૂપ ગણી શકાય. યંત્રો માણસની કાંધ ઉપર ના ચઢી જાય તે જોવું રહ્યું. રોબોટ્સની સામે ભવિષ્યમાં રોબોટ્સનું યુદ્ધ થઈ શકે, તેવી કલ્પના જ ભયાનક છે. યંત્રોને વિવેકપૂર્વક માનવજાતના કલ્યાણ માટે જ ઉપયોગમાં લેવાય. મહાકાય યંત્રો તો રાક્ષસ સમાન ગણી શકાય.

ગાંધીજી ગ્રામ-સંસ્કૃતિના સમર્થક હતા. મોટાં શહેરો Mega City કે Super City, Sky City કે Cine City આવકાર્ય ન હતાં. ગાંધીજીના વિચારમાં, અંગત ચારિત્ર્ય, નીતિમય જીવનથી આત્મબળ વધી શકે. હિંસા કરતાં નીતિબળ વધારે મહત્ત્વનું છે ચારિત્ર્યબળ. ગાંધીજીએ જેનો વિરોધ કરેલો તેવો ભોગવાદને ઉપભોકતાવાદ આજે આખી દુનિયાને નચાવી રહ્યો છે. લોકોને મન પૈસો જ પરમેશ્વર છે. પૈસો માણસને લાલચ આપીને ગુલામ બનાવે છે. પૈસાની લાલચમાં ગુનાઓ વધે છે, ને સમાજ સાચી પ્રગતિ કરતો નથી.

બર્ટ્રાન્ડ રસેલે પણ આ વાત અસરકારક રીતે કહી છે : "ઈશ્વરને એક વ્યક્તિ તરીકે હાંકી કાઢ્યો એટલું જ નહીં, પણ એક આદર્શ રૂપે ઈશ્વરીય તત્વનેય રૂખસદ આપી દીધી.' આમ કરીને માણસની મૂળભૂત નિષ્ઠા તેની પાસેથી છીનવી લીધી. ભૌતિકવાદે માણસને અનેકવિધ દબાણોનો અને ખેંચાણ (તાણ)નો શિકાર બનાવી મૂક્યો. માણસ પાસે કશુંય આંતરિક રક્ષા-કવચ રહ્યું નહીં." ગાંધીજીનો અધ્યાત્મવાદ આવું રક્ષા-કવચ બની શકે. ગાંધીજીએ યંત્રોના વધુ પડતા ઉપયોગનો વિરોધ કરતાં કહ્યું કે, "લોભને સ્થાને પ્રેમને સ્થાપો. એટલે સૌ રૂડાં વાનાં થશે."

ગાંધીજીને સૌ પ્રથમ ભગવદ્ ગીતાનું પુસ્તક એક અંગ્રેજ મિત્ર દ્વારા મળ્યું હતું. આફ્રિકાના સત્યાગ્રહ દરમિયાન તેઓ ત્યાનાં Theosophical Society ના સભ્યોના સંપર્કમાં આવ્યા તથા Theo. Socy.ની ત્રણેક સભાઓ (meetings) માં ગાંધીજીએ હાજરી આપી હતી તથા પ્રવચનો પણ કર્યાં હતાં. તેવું Collected Works of Mahatma Gandhi માંથી આપણને જાણવા મળે છે. Theosophy ને આપણે Ageless Wisdom કહીએ છીએ. ગાંધીજી તેનું પૂર્ણ રૂપે આદર્શ ઉદાહરણ હતા ! અસ્તુ...

• • •

# મનની ભીતરમાં

પ્રસ્તુતિ
શ્રી રમેશ ડોલીઆ
અમદાવાદ લૉજ, અમદાવાદ

*તા. ૨૭.૦૪.૨૦૧૯ ના રોજ રોહિત લોજમાં આપેલ પ્રવચન*

મન એવો વિષય છે જેના વિષે વિચાર કરો ત્યાં જ તે સામે આવીને ઊભુ રહી ગયું ને મને પૂછ્યું આ વિચારો છો ત્યારે ભીતરમાં છો કે પછી બહાર છો ? આપણે કાન પકડવા પડે કે મનની બહાર ગયા વિના ભીતરમાં જવાની વાત અત્યારે તો પડતી જ મૂકવી પડે અને તે પણ મનનાં સંતોષ ખાતર.

ગીતામાં શ્રીકૃષ્ણને યાદ કરીએ તો સુંદર વાત છે 'મનઃ એવ મનુષ્યાણાં કારણં બન્ધ મોક્ષયો'. મન જ મનુષ્ય માટે બન્ધન અને મોક્ષનું કારણ છે. મનનો વિષય પસંદ કરવાનું કારણ પણ આ જ છે. ધર્મગુરૂઓ સાચું કહે છે કે મનને સમજવાનો પ્રયત્ન કરો, તેની વર્તણુંકને નિહાળો અને અંતે મનને મિત્ર બનાવી શકો તો બનાવો પણ મિત્ર ન બનાવી શકો તો કોઈપણ સંજોગોમાં દુશ્મન ના બનાવશો. વાત સાચી છે એ જરાક હાલે તો સાઈકોલોજીસ્ટ પાસે જવું પડે ને વધારે હાલે તો મેન્ટલ હોસ્પિટલમાં જવું પડે.

મનનો વિષય અગત્યનો છે. કારણ કે મનુષ્ય બાળક તરીકે જન્મીને પ્રથમ આંખ ખોલે છે ત્યાંથી છેલ્લે આંખ મિચાય છે ત્યાં સુધી એ તમારી સાથે જ હોય છે. જાગ્રત અવસ્થામાં તો સર્વ કાર્ય તેનાથી જ થાય છે, સ્વપ્ન અવસ્થામાં તો આપણને કંઈક નવી જ દુનિયા બતાવે, પણ થોડી ક્ષણો માટે. સુષુપ્ત અવસ્થામાં મન શૂન્ય હોય છે પણ હોય છે. કોમ્પ્યુટર વાપરનારાઓને ખબર છે કે શૂન્યને 'નીલ' અથવા ખાલી જગ્યા વચ્ચે તફાવત છે. આત્મ સુષુપ્ત અવસ્થામાં પણ મન હોય છે ને એ કારણે જ આપણે ઊંઘ બરાબર આવી કે નહીં તે બાબતમાં અભિપ્રાય આપી શકીએ છીએ.

છાંદોગ્ય ઉપનીષદ કહે છે તમારી ને ઈશ્વર વચ્ચે જે દિવાલ ઊભી છે તે મન છે. આ દિવાલને હટાવી શકો તો તમે 'પૂર્ણ સત્ય'ની પાસે પહોંચી જાવ.

માનવીના મગજમાં જ મન છે એવી પશ્ચિમની માન્યતાને સ્વામી શિવાનંદ સરસ્વતી સુંદર જણાવે છે.

'મન એ આત્મશક્તિ સિવાય બીજું કંઈ જ નથી. મગજ આરામ માગે છે, મન નહીં. જે યોગીએ મનનિગ્રહ કર્યો છે તે કદીય ઊંઘતો નથી, તે ધ્યાનમાંથી જ સંપૂર્ણ આરામ મેળવે છે.'

સુક્ષ્મ મનનું જેમ ઉર્ધ્વીકરણ થતું જાય છે તેમ તેમ નજીકના ને દૂરના, જીવતા કે મરેલા માણસોના મનના તરંગો સાથે સંબંધમાં આવતું જાય છે અને આ રીતે તે મન બીજા મનો સાથે સંબંધમાં આવતાં આગળ વધતાં વિશ્વના સઘળાં મનો સાથે સંબંધમાં આવે છે. રાજયોગનો આ વિષ્ણુ સિદ્ધાંત છે.

**-: પ્રમાણ :-**

મન સુક્ષ્મ હોવાથી અસ્તીત્વ ક્યાંય જણાતું નથી અને કદ પણ માપી શકાતું નથી. કદ પણ સમયાનુસાર બદલાતું રહે છે.

શંકરાચાર્ય અનુસાર બે પ્રમાણ મળે છે.

(૧) ઈન્દ્રિય જ્ઞાન : મનુષ્યની ઈન્દ્રિયોનું જ્ઞાન મન દ્વારા થાય છે. આંખને લઈએ તો તે ફક્ત દૃશ્ય ઝીલે

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

છે અને મન તરફ મોકલી આપે છે, જેનું પૃથક્કરણ માનવીએ મેળવેલ જ્ઞાનાનુસાર મન કરે છે. આમ બધી ઈન્દ્રિયો જડ છે ને પોતાને મળેલ સામાન મન સુધી પહોંચાડે છે ને મન નિર્ણય કરે છે. ક્યારેક વિચારોમાં વ્યસ્ત હોવાથી સામે જોતાં હોઈએ તે પદાર્થનું જ્ઞાન થતું નથી. એ આ વાતની સત્યતા છે.

(૨) નિર્ણય કરવાની શક્તિ : આવેલ પરિસ્થિતિનો તાગ મેળવી તે પ્રસંગે નિર્ણય લઈ શકાય તે અંગેની વિચારણા કરી નિર્ણય લઈ તેને શબ્દોમાં રજૂ કરી શકે છે અને ઈન્દ્રિયો દ્વારા જરૂર કાર્યવાહી પણ કરે છે. ટાવરમાં ૧૨ ડંકા પડે તો ત્યાં ઉભેલ પશુઓ સાંભળી શકે પણ ૧૨ ડંકા એટલે ૧૨ કલાક થયા ને શું કરવું તે નિર્ણય ફક્ત માનવી મન જ લઈ શકે છે.

**-: બંધારણ :-**

છાંદોગ્ય ઉપનિષદ અનુસાર ખોરાકના સુક્ષ્મતમ ભાગમાંથી મન બને છે. સ્વામી શિવાનંદ કહે છે, "જેવી રીતે ભૌતિક દેહ ઘન, પ્રવાહી અને વાયુરૂપી પદાર્થોનો બનેલો છે તેવી જ રીતે મન પણ વિવિધ ઘટત્વ અને સ્પંદનયુક્ત પડવાળા અતિસુક્ષ્મ પદાર્થનું બનેલું છે. તીવ્ર સાધના દ્વારા વ્યક્તિ મનના વિવિધ પડ ભેદી શકે. પણ એવું બને કે બધા પડો દૂર કર્યા પછી કંઈ જ બાકી ના રહે. કારણ કે મન સુક્ષ્મ છે.

**-: પ્રકાર :-**

પ્રકારનો વિચાર કરતાં એવું દેખાય છે કે દરેક વ્યક્તિનો જુદો પ્રકાર છે. કારણ કે દરેક વ્યક્તિના સંસ્કારો, વિચાર પદ્ધતિ, શોખ મનોવૃત્તિ, શારીરિક ને સામાજિક પરિસ્થિતિઓ, આર્થિક પરિસ્થિતિઓ વિગેરે અલગ જ હોય છે. અંગુઠાની છાપ જેમ બે સરખી નથી હોતી તેમ આ સમગ્ર દ્રષ્ટિએ બધા અલગ જ જણાય. આમ છતાં પ્રાદેશિક લક્ષણો મુખ્ય ભાગ ભજવે તેવું બની શકે. બંગાળીઓ સંવેદનશીલ, ગુજરાતીનો હિસાબ ને વેપાર, મદ્રાસ જેવા દક્ષિણમાં બુદ્ધિશાળી, પંજાબી વીર રસમાં આગળ પડતા હોય છે. તે પ્રદેશોમાંથી આગળ આવતી મહાન વ્યક્તિઓ પણ તેને અનુરૂપ હોય છે. મહારાષ્ટ્રમાં સંતો વધારે હોય પણ શંકરાચાર્ય ને જે. કૃષ્ણમુર્તિ જેવાં વ્યક્તિત્વ દક્ષિણથી મળે છે.

**-: ત્રણ ગુણ ને વૃત્તિઓ :-**

સત્ય, રજસ અને તમસ મનનાં ત્રણ ગુણ છે.

સત્ગુણની પ્રધાનતા હોય ત્યાં પ્રકાશ ને આનંદની અનુભૂતિ રહે છે, તેનામાં નિર્ભયતા, અંતઃકરણ શુદ્ધિ, બ્રહ્મવિચારની પ્રધાનતા રહે છે. આવી વ્યક્તિઓ મિત્રતા તરીકે દીર્ઘ સમય સુધી જાળવી રાખે ને બીજા મિત્રોને અંતઃપ્રેરણા પણ આપી શકે.

રજોગુણની પ્રધાનતા હોય તો રાજસિક ગુણવાળું મન સંસારની નાશવંત વસ્તુઓ, પદ કે માન-મોભાની પ્રાપ્તિ પાછળ સર્વ શક્તિઓ વેડફાઈ જાય છે ને જીવનનાં અંતે પણ ન પામેલ વૃત્તિઓના વિચારમાં અંત આવી જાય છે. દંભ, અભિમાન, ક્રોધની માત્રા વધુ રહેતી હોય છે. આવી વ્યક્તિઓને કામનાઓ અને તૃષ્ણાઓ રોકવા માટે સખત પરિશ્રમ કરવો પડે છે.

તમસ ભાવના પ્રબળ હોય તેવી વ્યક્તિઓને કોઈ દિશા હોતી નથી. શારીરિક સુખને પ્રાધાન્ય હોય છે ને આળસ ગુઢતાનું પ્રધાન્ય રહે છે. જીવન એક અંધારી ખીણમાં ગુજારી જતો હોય તેવું લાગે. લૂટારો રત્નાકર મહર્ષિ વાલ્મીકિ બન્યો ક્યારે જ્યારે સામે કોઈ દિવ્ય શક્તિવાન વ્યક્તિ આવે અને તેને પ્રભાવીત કરી સૂચન કરે. (ક્રમશઃ)

---

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

# ૧૪૪ મું આંતરરાષ્ટ્રીય કન્વેન્શન, વારાણસી મુકામે

- થીમ : નર્ચરીંગ ધ ડીવાઈન સીડ
- ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ થી ૫ જાન્યુઆરી, ૨૦૨૦ સુધી
- કન્વેન્શન ઓફિસર : શ્રી શીખર અગ્નિહોત્રી
  (સેલ ફોન : ૯૧-૮૮૪૦૯૨૬૨૬૮, ૯૮૩૯૯૧૨૦૭૦)
- પેકેજ રેટ : ૨૯ ડિસેમ્બરનું ડીનર, ૫ જાન્યુઆરી, ૨૦૨૦ નું ડીનર સમાવેશ
- આપણા સ્વદેશી સભ્યો માટે પેકેજની રકમ રૂા. ૩૨૦૦/- છે. જેમાં રજીસ્ટ્રેશન ફી, ગાદલું અથવા પલંગ-પથારી, ચાદર, ધાબળો તથા કેન્ટીનમાં ભોજન (નાસ્તો, બપોરનું તથા રાત્રિનું ભોજન) નો સમાવેશ છે.
- ભારતીય પ્રણાલિકા પ્રમાણે ડોર્મેટ્રી પ્રકારના રહેઠાણની વ્યવસ્થા છે. એટેચ બાથરૂમ કે કીચનની વ્યવસ્થા નથી.
- રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ : ૧ ડિસેમ્બર, ૨૦૧૯
- રદ કરવાની તારીખ : ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯
- કન્વેન્શન ઓફિસરનો સંપર્ક : **E-mail** દ્વારા અથવા પોસ્ટ દ્વારા થઈ શકશે.
  **E-mail : tsvnsconvention@gmail.com**
  **Post : The Convention Officer, Indian Section, The Theosophical Society, Gurubagh, Kamachha, Varanasi-221010, India.**

## શ્રદ્ધાંજલિ



કોંજલી ગ્રામ સેવા લોજના સભ્ય શ્રીમતિ નિર્મલાબેન નંદલાલભાઈ ચાવડાનું ૫૮ વર્ષની ઉંમરે તા. ૫.૭.૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયું. તેઓશ્રીનો ડિપ્લોમા નંબર ૯૨૧૬૭ છે.

શોક ઠરાવ : કોંજલી ગ્રામ સેવા લોજ, મુ.પો. કોંજલી, તા. મહુવા.

“જય ભારત સાથે જણાવવાનું કે કોંજલી ગ્રામ સેવા લોજના સક્રિય એવા સભ્ય શ્રીમતિ નિર્મલાબેન એન. ચાવડાનું તા. ૫.૭.૨૦૧૯ ના રોજ મહુવા મુકામે મૃત્યુ થતાં તેઓને તા. ૯.૭.૨૦૧૯ ને મંગળવારની લોજ મીટીંગમાં શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી. દિવંગતના આત્માને શાંતિ પ્રાપ્ત થાય અને તેઓશ્રીનો આત્મા આત્મવિકાસના પંથ પર આગળ વધી વિકાસ પામતો રહે તેવી ગુરૂદેવોને લોજના સર્વ સભ્યો વતી હૃદયપૂર્વકની પ્રાર્થના વ્યક્ત કરવામાં આવી.

શ્રી જીવનભાઈ કાકલોત્તર,
મંત્રી, કોંજલી લોજ

ફેડરેશનના તમામ સભ્યો દિવંગત આત્માને શ્રદ્ધા સુમન અર્પે છે અને દિવંગતના કુટુંબીજનોને સાંત્વના પાઠવે છે.

## શ્રી ગુરુચરણે "કાવ્યાનુવાદ"

પ્રસ્તુતિ
શ્રી કનુપ્રસાદ મ. પાઠક
રેવા લૉજ, વડોદરા

**ગતાંકથી આગળ...**

શક્તિમાન જ જ્ઞાન આ માર્ગ જ દોરે યોગ્ય
ઈચ્છાશક્તિ પ્રેમની પ્રેરક માનવ લોક - ૪૩૮
સ્વરૂપ ઈશ્વરના જ આ ઈચ્છા પ્રેમને જ્ઞાન
માનવ-સેવક ચેતના કરશે મૂર્તિમાન - ૪૩૯
ઈચ્છા સેવકની સદા ગુરુદેવ દે સાથ
સ્વરૂપ ત્રણ જે ઈશ્વરી પ્રગટાવો જગમાં જ - ૪૪૦
સુગંધ માનવ-પુષ્પ આ સરવર વિશ્વ સમાન
પ્રેમ 'કમલ' નિઃસ્વાર્થ આ 'શ્રી ગુરુચરણે' પ્રાપ્ત - ૪૪૧

• • •

**ત્રણ મહાન સત્યો**

શતશત નમન ગુરુદેવને નિત્ય પ્રાતઃકાળમાં
સાધન મળ્યાં જે ચાર તેનું હો સ્મરણ, કાર્યે સદા
વિવેકને વૈરાગ્ય સાથે પ્રેમ સદ્આચરણને
માંગલ્ય થાશે હરક્ષણે નિઃસ્વાર્થ સેવા કાર્યને
ને પરમપદ પામવાનું આજ સાધન ઉચ્ચ છે.
ને મહાસત્યો જ ત્રણ પણ છે નિરંતર શાશ્વતે
ગૂઢ જ્ઞાને સત્ય આ પણ વાક્ અબળા શું કરે ?
ના કદી વર્ણન થશે પણ છે સરળ અતિજ્ઞાન એ.
માનવ તણો આત્મા અમર ને ભવ્યતાની ના સીમા
વિકાસમાં તે ઉર્ધ્વ ને પહોંચે પરમપદ પામવા.
ઐક્ય છે આ તત્ત્વજીવન બ્હાર અંદર ભેદના
ને સનાતન શ્રેષ્ઠ છે કલ્યાણકારી સર્વદા.
ના શ્રવણ કે ઘ્રાણથી સૂંઘાય કે પરખાય ના
છે છતાં હો દર્શને કે, પામશું છે ઝંખના.
સ્વાતંત્ર્ય પણ છે માનવીને છે નિયંતા ખુદ તે
કે પ્રવર્તક ઉર્ધ્વ ગૌરવ, (કે) શોકમગ્ન વિકારને
નિર્માણ કરશે જિંદગીનું ઉર્ધ્વરાહે મુક્ત તે
શિક્ષા અહર્નિશ પામશે, જે સત્યજ્ઞાને પૂર્ણ તે
ને પ્રભુ કલ્યાણકારી છે અમર આત્મા જ એ,
કર્મ નિયમ એ કહે 'જે વાવશે તેવું લણે.'

**થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો**

ઉદ્દેશ ત્રણ થિયોતણા સ્થાપિત થયા, પણ પાળવા
જો ના કદી તે વર્તને, તો જાણું ખુદ ન્યૂનતા
વર્ણ જાતિ કોમ રંગે જ્ઞાત તે ભેદ ના
વિશ્વના બંધુત્વનું પણ કેન્દ્રબિંદુ છે જ આ (૧)
તત્ત્વજ્ઞાને ધર્મ કે વિજ્ઞાનના અભ્યાસને
તુલનાત્મક હો જ દૃષ્ટિ, હો સતત ઉત્તેજને (૨)
સિદ્ધાંત પણ એવો ઘણા જે ના કદી સમજાય ને
નિર્મિત છે કુદરત થકી, પણ જાણવું અતિયોગ્ય તે (૩)
છે પરમશક્તિ અહર્નિશ માનવીમાં ઈશ્વરી
શક્તિ જ છે સુષુપ્ત તેની શોધ કરવી, પામવી.

---

રેવા લોજના સંનિષ્ઠ સભ્ય મુ. શ્રી કનુપ્રસાદ પાઠક દ્વારા શ્રી ગુરુચરણે "કાવ્યાનુવાદ" અહીં પૂર્ણ થાય છે. તેઓની મહેનત, કાવ્ય રચના અને 'થિયોસોફિક જ્યોતિ' માટેનો પ્રેમ આપણા સૌ સભ્યોને તેમના ઋણી બનાવે છે. કવિ 'કમલ'ને આ સંદર્ભે હું ખૂબ જ શુભેચ્છાઓ આપણા સૌ વતી પાઠવું છું.

# શાખા સમાચાર

- **શ્રી હરજીવન આશ્રમ લોજ, કડોલી :-** ઓગષ્ટ દરમિયાન ૪થીએ ડૉ. શ્રીહરિહરભાઈ પંડ્યાએ 'સાચા શિષ્યના લક્ષણો' વિષે, ૧૧મીએ શ્રી શંકરભાઈ પટેલે 'શ્રદ્ધા' વિષે, ૧૮મીએ સરોજબેને 'ગુરુ મહત્તા' વિષે અને ૨૫મીએ શ્રી નરેન્દ્રભાઈએ 'પવિત્ર જીવન અને વિશ્વબંધુત્વ' વિષે પ્રવચનો કર્યાં.
- **રેવા લોજ, વડોદરા :-** ઓગષ્ટ દરમિયાન ૪થીએ 'પથ પર પ્રકાશ' વિષે શ્રી હર્ષદભાઈ દવે, ૧૧મીએ 'મનુષ્યની ઉત્પત્તિ, ઉત્ક્રાંતિ અને પ્રગતિ' વિષે શ્રીમતી ચિતલબેન પટેલ અને ૧૮મીએ 'થિયોસોફિસ્ટ થવું એટલે શું ?' વિષે ડૉ. નિતીનભાઈ વ્યાસે પ્રવચનો કર્યાં. ૨૫મીએ હાજર સભ્યો દ્વારા ભારત સમાજ પૂજા તથા શાતાવાહક વિધી કરવામાં આવ્યાં.
- **સનાતન લોજ, સુરત :-** ઓગષ્ટ દરમિયાન ૭મીએ 'અષ્ટાવક્ર ગીતા' વિષે શ્રી પ્રશાંતભાઈ શાહ, ૧૪મીએ 'સાધના અને સાધકના પ્રશ્નો' વિષે શ્રી રંજનભાઈ ઠક્કર અને ૨૧મીએ 'સંભવામિ યુગેયુગે' વિષે ડૉ. દીપિકાબેન પાઠકજીએ પ્રવચનો કર્યાં. ૨૮મીએ સભ્યો દ્વારા ભારત સમાજ પૂજા કરવામાં આવી.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :-** ઓગષ્ટ દરમિયાન ૭મીએ 'નારદ ભક્તિસૂત્ર' વિષે શ્રી ભાષ્કરભાઈ ભટ્ટ, ૧૪મીએ 'વિષ્ણુ સહસ્ત્રનામ' વિષે ડૉ. હરિશ દ્વિવેદી, ૨૧મીએ 'જે. કૃષ્ણમૂર્તિ અને કબીર' વિષે શ્રી હર્ષવદન શેઠ અને ૨૮મીએ 'વિવેક ચુડામણિ' વિષે ડૉ. વિજયભાઈ પંડ્યાએ પ્રવચનો કર્યાં.
- **રોહિત લોજ, અમદાવાદ :-** ઓગષ્ટ દરમિયાન ૩જીએ 'જે. કૃષ્ણમૂર્તિની નૂતન વિચારણા' (કોમેન્ટરીઝ ઑન લીવીંગ) વિષે, શ્રી હર્ષવદન શેઠ, ૧૦મીએ 'વસ્તુઓની ગૂઢ બાજુ' વિષે શ્રી ધવલ શેઠ, ૧૭મીએ 'લાઈટ ઓન ધ પાથ' વિષે કુ. વર્ષાબેન પટેલ અને ૩૧મીએ 'જરથોસ્ટ્ર દર્શન' વિષે સુશ્રી કેશ્વર દસ્તુરે પ્રવચનો કર્યાં.

**જાહેર વિજ્ઞપ્તિ :** ફેડરેશનનાં તમામ સભ્યોને ખાસ જણાવવાનું કે થિયોસોફિક જ્યોતિમાં જાહેરાત આપવા માટે તત્પરતા દાખવશો. મેગેઝીનના નિભાવ માટે આ પ્રકારે આર્થિક મદદની જરૂર છે. આપનો તથા કુટુંબીજનોનો જન્મદિવસ, કોઈ વિશેષ પ્રસંગ, લગ્નની વર્ષગાંઠ અથવા આપની દૃષ્ટિએ મહત્ત્વનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય તેની નોંધ સાથે મેગેઝીનમાં છાપેલ દર પ્રમાણે આપ આ સેવા કરી શકો છો. જે સભ્યોના મિત્રો અથવા ઓળખીતા વેપારીઓ હોય તેઓને પણ પોતાની ધંધાકીય બાબતોની જાહેરાત મેગેઝીનમાં આપીને જે-તે સભ્ય પરોક્ષ રીતે પણ મદદરૂપ બની શકે છે. આ અંગે વિશેષ જાણકારી મેળવવા તંત્રીશ્રીનો જરૂરથી સંપર્ક સાધવો.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2017/2020 valid upto 31st December-2020 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI September-2019

To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

## ઈશ્વર : પ્રકૃતિ સ્વરૂપે (રાગ : બહાર)

પ્રસ્તુતિ

શ્રી મનુભાઈ એસ. પટેલ 'મનન'
રેવા લોજ, વડોદરા

પ્રકૃતિ તારો આવિર્ભાવ છે, પ્રકૃતિ થકી તું પ્રગટ થતો,
જડ-ચેતન પણ તારો અંશ છે, જડ-ચેતન થકી પ્રગટ થતો...
પ્રકૃતિ તારો આવિર્ભાવ છે...

અખિલ બ્રહ્માંડ પણ તારું સર્જન, સમગ્ર સૃષ્ટિ પણ તારૂં દર્શન,
જળચર, ભૂચર ખેચર-સઘળું, કેવું અદ્‌ભૂત તારૂં સર્જન
જ્યાં જૂઓ ત્યાં તૂ ને તૂં છે, તારૂં દર્શન હું સઘળે કરતો...
પ્રકૃતિ તારો આવિર્ભાવ છે..

તું જ કલાકાર તું જ ચિત્રકાર, તું ગીતકાર ને તું જ સંગીતકાર
તારી કલાના દર્શન કરવા, મનઃચક્ષુ પણ દેનારો તું,
અંતરના તાર તુજથી સંધાય, તો જ સર્વ વ્યાપી તું પ્રગટ થતો,
પ્રકૃતિ તારો આવિર્ભાવ છે..

ઉષાની શીતળતામાં તું, સંધ્યાની આલ્હાદકાતામાં તું,
કોઈની ભલી લાગણીમાં તું, જડચેતન પ્રતી પ્રેમમાં પણ તું,
વાત્સલ્યભર્યા હાલરડાં ગાય તું, આનંદભર્યા ગીતડાં પણ ગાય તું,
તારૂં અસ્તિત્વ સઘળે પામતો, તારો પ્રેમ હું સઘળે પામતો,
પ્રકૃતિ તારો આવિર્ભાવ છે..

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH